**(1) 'Operation Breathing Space' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ ઈઝરાયેલનું ઓપરેશન છે.

(2) આ અંતર્ગત ભારત તથા ઈઝરાયેલની સંસ્થાઓ COVID-19 માટે 30 સેકન્ડમાં પરીણામ આપતી રેપીડ ટેસ્ટીંગ કીટ વિકસાવશે.

(3) આ અંતર્ગત 5 પ્રકારની અલગ–અલગ ટેક્નોલોજી આધારીત ટેસ્ટીંગ કીટ બનાવવામાં આવશે.

(4) આ અંતર્ગત ઓડીયો ટેસ્ટ તથા પોલિએમીનો ટેસ્ટનો સમાવેશ થાય છે.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ઈઝરાયેલી ટીમ ભારતમાં આવી છે. તેઓ ભારતીય ઓથોરિટીની COVID-19ની પ્રવૃત્તિઓને લગતાં કાર્યો કરશે. તેમણે આ મિશનને 'Operation Breathing Space' નામ આપેલું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ઓપરેશન હેઠળ ભારતની DRDO તથા ઈઝરાયેલની ડિફેન્સ મિનિસ્ટ્રી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ટીમ ચાર અલગ પ્રકારની રેપીડ કીટ બનાવી રહયા છે જે 30 સેકન્ડની અંદર જ COVID-19નું પરીણામ આપી શકશે. (આથી, વિધાન (2) સાચુ છે, જ્યારે વિધાન (3) ખોટું છે.)

⇛ આ 4 ટેસ્ટીંગ કીટ નીચે મુજબની છે.

- ઓડીયો ટેસ્ટ : દર્દીના અવાજનું રેકોર્ડીંગ કરવામાં આવશે જેનું મૂલ્યાંકન આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ (AI) તથા મશીન લર્નીંગ (ML) દ્વારા કરવામાં આવશે.
- શ્વાસ (Breath) ટેસ્ટ : દર્દી એક ટયુબમાં પોતાનો શ્વાસ છોડશે જેમાં ટેરા–હર્ટ્ઝ તરંગો દ્વારા વાયરસને ઓળખવામાં આવશે.
- થર્મલ ટેસ્ટીંગ : સલાઈવા (લાળ)ના સેમ્પલ દ્વારા વાયરસની ઓળખ કરવામાં આવશે.
- પોલિએમીનો એસિડ ટેસ્ટ : તે COVID-19 સાથે સંકળાયેલ પ્રોટીનને અલગ કરીને ટેસ્ટીંગ કરશે.

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) મુલ્લાપેરિયાર ડેમ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ડેમ કેરળના ઈડુક્કી જિલ્લામાં આવેલો છે.

(2) આ ડેમનું સંચાલન તમિલનાડુ દ્વારા કરવામાં આવે છે.

(3) આ ડેમ મુલ્લાયાર અને પેરિયાર નદીના સંગમ સ્થળે બનેલ છે.

(4) નીલગીરી જૈવસંરક્ષણ કેન્દ્ર આ ડેમની આસપાસના વિસ્તારોમાં ફેલાયેલું છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ચોમાસા દરમિયાન મુલ્લાપેરિયાર ડેમમાં પાણીનું પ્રમાણ ઓછું કરવાની એક અરજી સુપ્રીમ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવી છે. કેરળ અને તમિલનાડુ વચ્ચે આ ડેમમાં પાણીની સપાટીના મુદ્દે મતભેદો ચર્ચામાં રહેતાં હોય છે.

⇛ આ ડેમ કેરળના ઈડુક્કી જિલ્લામાં આવેલો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ મુલ્લાયાર અને પેરિયાર નદીના સંગમ સ્થાને આ ડેમ બનેલો છે. આ ડેમના કારણે નદીનું પાણી અરબી સમુદ્રમાં ભળવાને બદલે બંગાળની ખાડી તરફ વહે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ ડેમનું સંચાલન તમિલનાડુ દ્વારા કરવામાં આવે છે. ડેમના પાણી દ્વારા મદ્રાસ તથા મદુરાઈ વિસ્તારના ખેડૂતોને મદદ મળે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ડેમની આસપાસ પેરિયાર રાષ્ટ્રીય ઉદ્યાન આવેલું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) સ્કોચ ગોલ્ડ (Skoch Gold) એવોર્ડ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તાજેતરમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયને સ્કોચ ગોલ્ડ એવોર્ડ મળેલ છે.
(2) આ એવોર્ડ મંત્રાલયને ‘COVID-19 ટ્રેકર’ માટે મળેલ છે.
(3) સ્કોચ એવોર્ડ સ્વતંત્ર સંસ્થા દ્વારા આપવામાં આવતું ભારતનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે.
(4) જે લોકો/પ્રોજેકટ/સંસ્થા ભારતને વધુ સારો દેશ બનાવવા માટે કેટલાંક વધારાના કદમ ચાલે છે તેમને ઓળખ આપવા માટે આ એવોર્ડ આપવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (2)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં આદિજાતિ કાર્ય મંત્રાલયને સ્કોચ ગોલ્ડ એવોર્ડ મળેલ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ એવોર્ડ મંત્રાલયને 'Empowerment of Tribals through IT enabled Scholarship Schemes' માટે આપવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ સ્કોચ એવોર્ડની શરૂઆત 2003થી થઈ હતી.

⇛ કોઈ સ્વતંત્ર સંસ્થા દ્વારા આપવામાં આવતું તે ભારતનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ જે લોકો/પ્રોજેકટ/સંસ્થા ભારતને વધુ સારો દેશ બનાવવા માટે કેટલાંક વધારાના કદમ ચાલે છે તેમને ઓળખ આપવા માટે આ એવોર્ડ આપવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ એવોર્ડ ડિજિટલ, નાણાકીય તથા સામાજિક સમાવિષ્ટતા, સમાવિષ્ટ વિકાસ, ટેક્નોલોજી તથા એપ્લિકેશનમાં ઉત્તમ દેખાવ, કોર્પોરેટ વિકાસ, ટેક્નોલોજી તથા એપ્લિકેશનમાં ઉત્તમ દેખાવ, કોર્પોરેટ નેતૃત્વ, નાગરિક સેવા, ક્ષમતા નિર્માણ વગેરે જેવાં ક્ષેત્રો માટે આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) UNECE વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તેનું પૂરું નામ યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક કમિશન ફોર યુરોપ છે.

(2) તે સંયુકત રાષ્ટ્રના પાંચ ક્ષેત્રીય કમિશન પૈકી એક છે.

(3) તેની સ્થાપના સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા કરવામાં આવી હતી.

(4) તેમાં માત્ર યુરોપના જ સભ્ય–દેશ હોય છે.

(A) માત્ર (2), (3) અને (4)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (1) અને (2)
(D) માત્ર (2)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ UNECEનું પૂરુંનામ યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક કમિશન ફોર યુરોપ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેની સ્થાપના 1947માં યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સીલ (UN-ECOSOC) દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તે સંયુકત રાષ્ટ્રના પાંચ ક્ષેત્રીય કમિશન પૈકી એક છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેમાં કુલ 56 સભ્યદેશ છે. જે યુરોપ, ઉત્તર અમેરિકા અને એશિયામાંથી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ UNECEનો ઉદ્દેશ સમગ્ર–યુરોપના આર્થિક એકીકરણને પ્રોત્સાહન આપવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) ભારતમાં ફિસ્કલ ડેફિસિટ (Fiscal Deficit) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) ફિસ્કલ ડેફિસિટને GDPની ટકાવારીમાં ગણવામાં આવે છે.

(2) ફિસ્કલ ડેફિસિટ = સરકારનો કુલ ખર્ચ – સરકારની કુલ આવક

(3) FRBM એક્ટ, 2003 મુજબ, 31 માર્ચ 2025 સુધીમાં ફિસ્કલ ડેફિસિટ GDPના 3% કરવાનું લક્ષ્ય છે.

(4) એન. કે. સિંઘ કમિટિએ જણાવ્યું છે કે, માર્ચ, 2025 સુધીમાં ફિસ્કલ ડેફિસિટ GDPના 2.5% કરવું.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (3) અને (4) (D) માત્ર (1) અને (4)

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ ત્રણ મહિના માટેનું કેન્દ્ર સરકારનું ફિસ્કલ ડેફિસિટ 6.62 લાખ કરોડ રૂપિયા થયું છે, જે બજેટના લક્ષ્યના 83% જેટલું છે. અર્થાત્ સમગ્ર વર્ષમાં જેટલી ખાદ્ય થવી જોઈએ તેના 83% માત્ર 3 મહિનામાં થઈ ગઈ છે.

⇒ ફિસ્કલ ડેફિસિટને વધારાના ખર્ચ થયેલા કુલ નાણાંના મૂલ્ય તરીકે અથવા તો GDPની ટકાવારી મુજબ ગણવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ ફિસ્કલ ડેફિસિટ = સરકારનો કુલ ખર્ચ – સરકારની કુલ આવક. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ FRBM એક્ટ, 2003 મુજબ, કેન્દ્ર સરકારે એવા પ્રયત્નો કરવા જેથી 31 માર્ચ, 2021 સુધીમાં ફિસ્કલ ડેફિસિટ GDPના 3% જેટલું થાય. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ FRBMનું પૂરું નામ ફિસ્કલ રિસ્પોન્સીબિલીટી એન્ડ બજેટ મેનેજમેન્ટ છે.

⇒ વર્ષ 2016માં સ્થપાયેલી એન. કે. સિંઘ કમિટી દ્વારા ભલામણ કરવામાં આવેલા ફિસ્કલ ડેફિસિટના લક્ષ્યો : (1) 31 માર્ચ, 2020 સુધીમાં GDPના 3% (2) નાણાકીય વર્ષ 2020-21 માટે 2.8% (3) 2023 સુધીમાં 2.5% (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT